redicine®

# ReMed+

The smart Pillbox like never before



## અનુક્રમણિકા


૧. આ બોક્સમાં શું છે? 2

૨. આ ઉત્પાદનની વિશેષતાઓ 3

૩. આપના ReMed+ વિશેની જાણકારી 4

૪. તરત શરૂઆત 6

૫. ReMed+ સેટઅપ

૫.૧ આપના ડિવાઈસની રૂપરેખાને જાણો 7

૫.૨ આપની દવાઓને સામેલ કરો 8

૫.૩ આપની દવા લેવાની નિયમિતતાનો અહેવાલ 10

૫.૪ આપના ડિવાઈસને રિસેટ કરો 11

૬. સલામતી વિષયક માહિતી 13

૭. વોરંટી વિષયક માહિતી 14

૮. ઉત્પાદન વિષયક માહિતી 15

૯. સંપર્ક સૂત્ર 16

## ૧. આ બોક્સમાં શું છે?

- રીમેડ+
- યુએસબી સી-ટાઈપ કેબલ
- ઉપભોક્તા માર્ગદર્શિકા



## ૨. આ ઉત્પાદનની વિશેષતાઓ



ક્યારે દવા લેવી તે
માટેના અલાર્મ્સ



દવા લઈ રહ્યા છો કે
નહી તેનો અહેવાલ



સ્નૂઝ
રિમાઈન્ડર્સ



WiFi
સુવિધા



યુએસબી
સી-ટાઈપ કેબલ



દરેક વિભાગ માટે
એલઈડી લાઈટ



દસ દિવસની
બેટરી ક્ષમતા

## ૩. ReMed+ વિશેની જાણકારી



## ૩. ReMed+ વિશેની જાણકારી






## ૪. તરત શરૂઆત

- ડિવાઈસને ઓન કરવા માટે સ્લાઈડ સ્વીચને જમણે થી ડાબી તરફ ફેરવો.
- ત્યાર બાદ ફક્ત પાંચ સેકન્ડમાં ડિસ્પ્લે પર હોમ સ્ક્રિન દેવાખા લાગશે.
- ‘વાઈ-ફાઈ (WiFi)’નું બટન શરૂ કરવાથી સ્ક્રિન પર WiFiની દેખાશે.
- ડિવાઈસ પર WiFi સેટિંગ્સ શરૂ કરીને તેને "REMED_XXXX" સાથે કનેક્ટ કરો.
- બારકોડ સ્કેન કરવાથી એ ડિવાઈસ સાથે કનેક્ટ થઈ જશે.
  હવે રેડિસિન એપ ડાઉનલોડ કરીને તમારું દવાઓનું ટાઈમ ટેબલ બનાવો.

# ૪. ReMed+નો ઉપયોગ

## ૫.૧ ડિવાઈસની રૂપરેખાને જાણો

- વાઈ-ફાઈ (WiFi) દ્વારા ડિવાઈસને મોબાઈલ સાથે જોડો.
  રેડિસિન એપ્લિકેશન શરૂ કરીને ‘વાઈ-ફાઈ’ના ને ટચ કરતાં જ
- કનેક્ટેડ ડિવાઈસના લિસ્ટમાં આપનો ફોન દેખાવા લાગશે.
- કનેક્ટેડ ડિવાઈસ પર ક્લિક કરવાથી પિલબોક્સ સેટિંગ્સ ખુલી જશે.
- "Name" પર ક્લિક કરીને ડિવાઈસનું નામ બદલો.(વધુમાં વધુ ૧૫ અક્ષર)
- બેટરી ટકાવારી પણ તમે આ પેજ પર જોઈ શકશો.
- એપ્લિકેશન દ્વારા તમે ડિવાઈસનું અલાર્મ વોલ્યુમ પણ ON/OFF કરી શકો છો.
- અલાર્મ સ્નૂઝ માટેનો સમયગાળો પણ તમે એપ્લિકેશન દ્વારા બદલી શકો છો.
  સ્નૂઝ બટન દ્વારા એ ફરી વખત આપને દવા લેવા માટે યાદ કરાવશે.

## ૫.૨ આપની દવાઓ ઉમેરો

- વાઈ-ફાઈ દ્વારા આપના ડિવાઈસને મોબાઈલ સાથે જોડો.
- રેડિસિન એપ્લિકેશન ઓપન કરીને +નું બટન દબાવો.
- આપની દવાઓને લગતી દરેક માહિતી વિગતવાર તેમાં ઉમેરો.
- આ એપના ઉપયોગ વડે તમારી જેમ જરૂરિયાતની દવાઓ છે તે માટેનો વિભાગ પસંદ કરો અને તમારી દવાઓ મૂકો.
- How often do you take?ના ઓપ્શન વડે તમે દવાઓ કેટલા સમયના અંતરે ગ્રહણ કરો છો તે ઓપ્શન સિલેક્ટ કરો.
  - જો એ તમારી રોજબરોજની દવા છે તો "Everyday"નો ઓપ્શન સિલેક્ટ કરો.
  - જો એ દવા અઠવાડિયાના અમુક દિવસોમાં જ લેવાની છે તો "Selected Daus"નો ઓપ્શન સિલેક્ટ કરો.



## ૫.૨ આપની દવાઓ ઉમેરો

- જો તમારે દવાઓ અમુક દિવસના અંતરે ગ્રહણ કરવાની છે તો "Days Interval"નો ઓપ્શન સિલેક્ટ કરો.
  ધારો કે, તમારે કોઈ દવા ત્રણ દિવસના અંતરે ગ્રહણ કરવાની છે તો "Days Interval"નો ઓપ્શન સિલેક્ટ કરીને સ્લાઈડમાંથી ત્રણ ઓપ્શન સિલેક્ટ કરવાનો રહેશે.

- **How many times a day**
  ધારો કે તમારે કોઈ દવા એક દિવસમાં ત્રણ વખત લેવાની છે તો એપ્લિકેશન દ્વારા એ ઓપ્શન સિલેક્ટ કરીને ડોક્ટરની સલાહ મુજબ દવાનો ડોઝ અને દવાનો સમય ઉમેરી દેવો જોઈએ.
- સ્માર્ટ લાઈટ વિન્ડોઃ આ એક યુનિક અલાર્મ સિસ્ટમ છે. ધારો કે તમારો જમવાનો સમય સાંજે ૮ થી ૮.૩૦ વાગ્યાનો છે તો તમે સ્માર્ટ લાઈટ વિન્ડોના ઓપ્શન દ્વારા આપની દવાઓ સમયસર લઈ શકો છો અને તેનો રેકોર્ડ પણ જાળવી શકો છો.

## ૫.૩ દવાઓની નિયમિતતાનો અહેવાલ

- આ અહેવાલ દ્વારા આપણે એ જાણી શકીએ છીએ કે ટ્રીટમેન્ટ બરાબર થઈ છે કે નહીં અને દર્દી સમયસર દવાઓ લઈ રહ્યા છે કે નહીં. આ અહેવાલ ડોક્ટરને પણ મદદરૂપ બને છે અને ડોક્ટર જાણી શકે છે દર્દી તેમની સલાહ અનુસાર દવાઓ લઈ રહ્યા છે કે નહીં.
- નિયમિતતા અહેવાલ જાણવા માટે નીચેના પદોને અનુસરો.

  - વાઈ-ફાઈ (WiFi) દ્વારા ડિવાઈસને મોબઈલ સાથે કનેક્ટ કરો.
  - Redicine એપ્લિકેશન ઓપન કરીને રિપોર્ટ ઓપન કરો.
  - ત્યારબાદ Sync Now ઓપ્શન પર ક્લિક કરવાથી આપનો નિયમિતતા અહેવાલ મોબાઈલના સ્ક્રિન પર આવી જશે.



## ૫.૪ બેટરી ક્ષમતા વિષેની માહિતી

- એક વખત ડિવાઈસ ચાર્જ કરવાથી આપનું ReMed+ દસ દિવસ સુધી ચાલી શકે છે.
- તમે હંમેશા બેટરીનો હંમેશા તમારા સ્ક્રિન પર જોઈ શકો છો.
    - જો બેટરી સિમ્બોલ પર ડિસ્ચાર્જ (▭) ની નિશાની દેખાઈ રહી છે તો તરત જ આપના ડિવાઈસને ચાર્જ કરવા માટે મૂકી દો. જેવું તમે ડિવાઈસને ચાર્જર સાથે કનેક્ટ કરશો એટલે ચાર્જિંગ માટેની એલઈડી લાઈટ લાલ રંગની દેખાવા લાગશે અને ડિસ્પ્લે પર પણ ચાર્જિંગની (⚡) નિશાની દેખાવા લાગશે.
    - જ્યારે ડિવાઈસ સંપૂર્ણપણે ચાર્જ થઈ જશે ત્યારે એલઈડી લાઈટ લીલા રંગની થઈ જશે.

## ૫.૫ સ્નૂઝ બટન

- એક વખત સૂઝ બટન દબાવ્યા બાદ એ આપને દસ મિનિટ બાદ અથવા તમે નક્કી કરેલા સમય બાદ ફરીથી તમને દવા લેવા માટે યાદ કરાવશે.
- આ સુવિધાનો ઉપયોગ આપ બીજા વિભાગમાં રાખેલી દવા લેવા માટે પણ કરી શકો છો. બીજા વિભાગમાં રાખેલી દવા લેવા માટે સ્નૂઝ બટનને પાંચ સેકન્ટ માટે પ્રેસ કરો.

## ૫.૬ ડિવાઈસ રીસેટ

- જો તમે જૂની બધી માહિતીઓ ડિલિટ કરીને ડિવાઈસ રિસેટ કરવા માંગો છો તો રિસેટ ઓપ્શન તમારી મદદ કરશે. રિસેટ ઓપ્શન ત્રીસ સેકન્ડ સુધી પ્રેસ કરવાથી આગળની બધી માહિતી ઈરેઝ થઈ જશે અને તમે બીજા કોઈ દર્દી માટે ફરીથી બધી માહિતી એડ કરી શકશો.

## ૬. સલામતી વિષેની માહિતી

- માર્ગદર્શિકા ધ્યાનથી વાંચીને બધા જ સૂચનો અને ચેતવણીઓ અનુસરવી.
- આ ડિવાઈસને પાણી અને દરેક પ્રકારના પ્રવાહીથી દૂર રાખવું.
- આ ડિવાઈસને ગરમ વસ્તુઓથી દૂર રાખવું.
- જો આ ડિવાઈસ ડેમેજ્ડ અથવા તૂટેલું જણાય તો તેનો ઉપયોગ કરવો નહીં.
- જોખમી પરિસ્થિતિઓમાં આ ડિવાઈસનો ઉપયોગ કરવો નહીં. જેમ કે ડ્રાઈવિંગ કરતા સમયે અથવા બીજી કોઈ મશીનરીનો ઉપયોગ કરતી વખતે.
- બાળકો અને પાલતુ પ્રાણીઓથી આ ડિવાઈસને દૂર રાખવું.
- જો ડિવાઈસમાં કોઈ સમસ્યા સર્જાય છે તો તેને રિપેર કરવાનો પ્રયત્ન કરવો નહીં. આવું કરવાથી ડિવાઈસમાં વધારે સમસ્યા સર્જાઈ શકે છે અને વોરંટીનો લાભ પણ જતો રહી શકે છે,
- જો તમને ડિવાઈસમાં કોઈ સમસ્યા કે જોખમ જણાય તો તરત જ તમારા હેલ્થકેર પ્રોવાઈડરને જાણ કરવી.
- ડિવાઈસ સાથે આપવામાં આવેલા કેબલનો જ ડિવાઈસ ચાર્જ કરવા માટે ઉપયોગ કરવો જોઈએ.
- દવાઓ ગ્રહણ કરવાના સમયમાં કોઈ પણ ફેરફાર કરતા પહેલા હેલ્થકેર પ્રોવાઈડરની સલાહ લેવી અતિ આવશ્યક છે.

## ૭. વોરંટી વિષેની માહિતી

આપની સુવિધા માટે આ મેડિસિન પિલ બોક્સ એક વર્ષની વોરંટી સાથે આવે છે.

- ગ્રાહકે વોરંટી વિષેની માહિતી ધ્યાનથી વાંચવી જરૂરી છે અને બિલ પોતાની સાથે રાખવું જરૂરી છે જેથી વોરંટી ક્લેઈમ કરવા માટે મદદરૂપ થઈ શકે.
- ગ્રાહકે એ જાણવું પણ જરૂરી છે કે જો ગ્રાહકની બેદરકારીથી ડિવાઈસને ઈજા પહોંચી હશે તો તેને વોરંટીમાં સામેલ કરવામાં નહીં આવે.
- આ ઉત્પાદન અને વોરંટી વિષેની કોઈપણ માહિતી જાણવા માટે ગ્રાહક કસ્ટમર સર્વિસની ઉપયોગ કરી શકે છે.
- આ વોરંટીનો લાભ ફક્ત મૂળ ગ્રાહકને જ મળી શકશે.
- વોરંટી વિષેની શરતોમાં ફેરફાર થવાની સંભાવના છે. તોજેતરની વોરંટી વિષેની માહિતી જાણવા માટે આપ અમારી વેબસાઈટનો ઉપયોગ કરી શકો છો.

"વોરંટી દાવો કરવા માટે સંપર્ક કરો, support@redicinemedsol.com"

## ૮. ઉત્પાદન વિષેની માહિતી

- વાઈ-ફાઈ નેટવર્કઃ 802.11 b/g/n
- પાવર ઈન્પુટઃ 5V1A (યુએસબી સી-ટાઈપ)
- ડાયમેન્શનઃ 215mm x 113mm x 113mm (LxWxH)
- બેટરીઃ 3.7V 1800mAh (રિચાર્જેબલ)
- ડિસ્પ્લેઃ ઈ-પેપર ડિસ્પ્લે - 2.9 inch, 296x128 Pixel (DPI - 125)

## ૯. સંપર્ક સૂત્ર

વધુ જાણકારી મેળવવા માટે અમારો સંપર્ક કરો.

+91-9601071614

info@redicinemedsol.com

www.redicinemedsol.com

અમે આશા રાખીએ છીએ કે આપનો રેડિસિન સાથે અનુભવ સુખદ રહે.

રેડિસિન મોબાઈલ એપ્લિકેશન
ડાઉનલોડ કરવા માટે
આ બારકોડ સ્કેન કરો.

યુઝર મેન્યુઅલ
આપની ભાષામાં મેળવવા માટે
આ બારકોડ સ્કેન કરો